
# વિમાન હાઈજેકની ધમકીના પગલે તમામ એરપોર્ટ પર એલર્ટ

**વિમાન અપહરણ કરીને પાકિસ્તાન લઈ જવાની ફોન પર ધમકી : પુલવામા હુમલા બાદ પાકિસ્તાનની સામે જોરદાર આક્રોશ વચ્ચે હવે વિમાન હાઈજેકની ધમકી મળતા તંત્રમાં દોડધામ**



નવી દિલ્હી, તા.૨૩

પુલવામામાં ત્રાસવાદી હુમલો થયા બાદ પાકિસ્તાનની સામે ભડકી ઉઠેલા આક્રોશ વચ્ચે આજે દેશના તમામ એરપોર્ટને હાઈ એલર્ટ ઉપર મુકી દેવામાં આવ્યા હતા. વિમાન હાઈજેક કરવાની ધમકી મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુંબઈમાં એક એરલાઈનના ઓપરેશન સેન્ટરને ફોન ઉપર ધમકી આપવામાં આવી હતી કે ભારતીય કેરિયરની એક ફલાઈટનું અપહરણ કરવામાં આવશે. ખાસ બાબત એ છે કે ફોન કરનાર વ્યક્તિએ કહ્યું હતું કે વિમાનને હાઈજેક કરીને પાકિસ્તાન લઈ જવામાં આવશે. ત્યારબાદ દેશના તમામ એરપોર્ટની સુરક્ષા મજબૂત કરવામાં આવી હતી. આ વિમાનમાં બેસતા પહેલા તમામ યાત્રીઓની ઉંડી ચકાસણી કરવામાં આવશે. કાર પાર્કિંગમાં જતી ગાડીઓની પણ ઉંડી ચકાસણી કરવામાં આવશે. આજે ધમકીભર્યો ફોન આવ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. એર ઈન્ડિયાના એરપોર્ટ ઓપરેશન કંટ્રોલ સેન્ટરને ફોન આવ્યો હતો. ફોનમાં કહેવામાં આવ્યું હતું કે એક ભારતીય એરલાઈન્સની ફલાઈટને હાઈજેક કરીને પાકિસ્તાન લઈ જવામાં આવશે. પુલવામા હુમલા બાદથી એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ મજબૂત રાખવામાં આવી છે. છતાં આવી ધમકી મળ્યા બાદ બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી દ્વારા તમામ એરપોર્ટ અને એરલાઈન્સ ઓપરેટરો માટે ચોક્કસ દિશા નિર્દેશ જારી કરવામાં આવ્યા છે. બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીએ તમામ એરપોર્ટ અને એરલાઈનને દિશાનિર્દેશ જારી કરતા કહ્યું છે કે ટર્મિનલ અને ઓપરેશનમાં જનાર તમામ લોકોની ચકાસણી કરવામાં આવે. એરપોર્ટ પરની ગાડીઓની ઉંડી તપાસ કરવામાં આવે. આની સાથે સાથે યાત્રીઓ, સ્ટાફના લોકો, ચીજવસ્તુઓ, કેટરીંગની પણ ચકાસણી કરવામાં આવે. એરપોર્ટના પ્રવેશદ્વાર ઉપર અચાનક કરવામાં આવતી ચકાસણીને વધારવામાં આવી રહી છે. એરપોર્ટ સંકુલ ખાતે સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી રહી છે. જેમાં ક્વિક રિએકશન ટીમોની તૈનાતીનો સમાવેશ થાય છે. સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કમી રાખવામાં આવી રહી નથી. સીઆઈએસએફએ પુલવામા હુમલા બાદ એરપોર્ટની સુરક્ષા વધારી દીધી છે.

## ન્યુઝ ટ્રેક

### પૂર્ણ રાજ્યની માંગ સાથે હડતાલ

દિલ્હીને પૂર્ણ રાજયનો દરજ્જો અપાવવા માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૧લી માર્ચથી અનિશ્ચિતકાળની ભુખ હડતાલ પર બેસવાની ઘોષણા કરી છે. તેઓએ કહ્યું છે કે દિલ્હી સાથે ૭૦ વર્ષોથી અન્યાય થઈ રહ્યો છે.

### ઈમરાને સુરક્ષા સલાહકારોની બેઠક બોલાવી

પુલવામા હુમલા બાદ ભારતે પાકિસ્તાનને આતંકવાદ મુદે જે રીતે ઘેર્યો છે તેનાથી પાકિસ્તાન ઘબરાઈ ગયુ છે. પ્રધાનમંત્રી ઈમરાન ખાન સુરક્ષા સલાહકારોની બેઠક સતત બોલાવી રહ્યા છે. અને સલાહ સૂચન મેળવી રહ્યા છે.

### બેંગ્લોર એરપોર્ટ પર આગ

બેંગ્લોરમાં એર શૉ દરમ્યાન એક મોટી ઘટના બની હતી. એરપોર્ટ પાસે કાર્યક્રમ સ્થળની નજીક કાર પાર્કિંગ વિસ્તારમાં આગ લાગી ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમે માંડ માંડ આગ પર કાબુ મેળવ્યો ત્યારે સો જેટલી કાર બળીને ખાખ થઈ ગઈ હતી.

### બિહાર શેલ્ટર હોમમાંથી બાળકીઓ ગુમ

બિહારના મોકામામાં સરકાર સંચાલિત એક આશ્રય ગૃહમાંથી સાત છોકરીઓ ગુમ થઈ ગઈ છે. રીપોર્ટ અનુસાર તેઓ બારીની ગ્રીલ કાપી ભાગી છૂટી છે.

### સીરીયામાં આઈએસ જૂથનો સફાયો

ઈસ્ટર્ન સીરિયામાંથી ઈસ્લામિક સ્ટેટના અંતિમ જૂથને પ્રદેશમાંથી હાંકી કાઢવાના અને તેઓની શરણાગતિના સંકેતો મળી રહ્યા છે. આઈએસના કબ્જાવાળા છેલ્લા ગામ બધોજમાંથી સેંકડો પુરૂષો, મહિલાઓ અને બાળકોને બહાર કાઢી આતંકવાદીઓ વિરૂદ્ધ ફાઈટ ટુ ફિનીશ ઓપરેશન લોન્ચ કરાયુ છે.

# સંઘ માટે રામ મંદિર નહીં કાશ્મીર મુખ્ય મુદ્દો બન્યો

**શિવસેનાએ પુલવામા જેવી મોટી ઘટનાઓને રોકવા માટે કેન્દ્રમાં એક મજબૂત સરકાર રહે તેવી ઈચ્છા દોહરાવી**

મુંબઈ,તા. ૨૩

શિવસેનાએ આજે એક અહેવાલમાં ટાંકીને કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે હવે નવું વલણ અપનાવ્યું છે. સંઘે હવે રામ મંદિરના મુદ્દાને અસ્થાયી રીતે બાજુમાં મુકી દઈને પુલવામા હુમલા બાદ કાશ્મીરના મુદ્દાને પ્રાથમિકતા આપી છે. દેશમાં માહોલ હાલમાં યોગ્ય નહીં હોવાની વાત કરવામાં આવી રહી છે. શિવસેનાએ કહ્યું હતું કે કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓના સૂચિત મહાગઠબંધન દેશમાં ક્યારેય પણ સ્થિરતા અને શાંતિ લાવી શકે તેમ નથી જેથી સંઘનું વલણ બદલાયું છે તે એક રીતે દેશ માટે યોગ્ય બાબત છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં કહ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં પાકિસ્તાનને કોઈ નુકસાન પહોંચાડવામાં આવ્યું નથી. પાર્ટીએ ૨૦૧૪ લોકસભા ચુંટણી પહેલા એવા નારાને પણ રજુ કરવામાં આવ્યો છે જેમાં સ્થિર સરકાર અને મજબૂત વડાપ્રધાનની પસંદી કરવા કેહવાયું છે. શિવસેનાએ પુલવામા જેવી ઘટનાને રોકવા દેશમાં એક સ્થિર સરકારની જરૂર દેખાઈ રહી છે. પાકિસ્તાન સામે અનેક કાર્યવાહી રુપે પગલાં લેવાઈ રહ્યા છે.

શિવસેનાએ કહ્યું છે કે સંઘે પણ હવે કાશ્મીરને પ્રાથમિકતા આપી છે. શિવસેનાનું કહેવું છે કે સંઘે હાલમાં પુલવામા અને કાશ્મીરના વિષયો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કાશ્મીરની સમસ્યાને ઉકેલવા દેશને એક મજબૂત અને સ્થિર સરકારની જરૂર છે. આતંકવાદને એ વખત સુધી પરાજિત શકાય નહીં જ્યાં સુધી એક મજબૂત વડાપ્રધાન રહેશે નહીં. લોકોનું ધ્યાન અયોધ્યામાં રામ મંદિર, સમાન નાગરિક સંહિતા, કલમ ૩૭૦ને ખતમ કરવા જેવા મુદ્દાથી દુર હટીને કાશ્મીર અને પુલવામા જેવા મુદ્દા અને એક સ્થિર સરકાર ચુંટી કરવાની બાબત ઉપર કેન્દ્રિત છે.

# જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં કબ્રસ્તાનમાંથી બે રિવોલ્વર જપ્ત

જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં તાજેતરમાં પકડાયેલા બંને શાર્પશૂટરની રિમાન્ડ દરમ્યાન હાથ ધરાયેલી પૂછપરછ અને કબૂલાતના આધારે હત્યાના ગુનામાં વપરાયેલી બે રિવોલ્વર સીટ દ્વારા કબજે કરવામાં આવી છે. તાજેતરમાં પકડાયેલા બે શાર્પશૂટરના પોલીસ રિમાન્ડ દરમ્યાન તેઓએ ભાનુશાળની હત્યાના કેસમાં ગુનામાં વપરાયેલી અને જેમાંથી ફાયરીંગ કરાયું હતું, તે રિવોલ્વર તેઓએ નાસિકમાં વાલદેવી નદી પાસે દેવનાની કબ્રસ્તાનની પાછળ છુપાવી હતી. રિમાન્ડ દરમ્યાન આરોપીઓની પૂછપરછમાં એવી હકીકત પણ સામે આવી હતી કે, આ સમગ્ર હત્યા કેસમાં વધુ એક આરોપી વિશાલ કાંબલેનું નામ ખૂલ્યું છે. જો કે, તે એક ગુનામાં યરવડા જેલમાં હોઈ પોલીસે હવે ટ્રાન્સફર વોરંટના આધારે યરવડા જેલમાંથી તેનો કબ્જો મેળવવાના ચક્રો ગતિમાન કર્યા છે. ભાનુશાળી હત્યા કેસમાં આમ, કુલ પાંચ ધરપકડ થઈ છે. પાંચ દિવસ પહેલાં જ પોલીસે બાતમીના આધારે સાપુતારા ખાતેના એક ગેસ્ટહાઉસમાંથી પૂણેના બે શાર્પશૂટરો શશીકાંત કાંબલે અને અશરફ શેખને ઝડપી લીધા હતા. તેમની પૂછપરછમાં એવો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, જયંતિ ભાનુશાળીના રાજકીય દુશ્મન છબીલ પટેલે તેમની હત્યા માટે રૂ.૩૦ લાખની સોપારી આપી હતી. જયંતિ ભાનુશાળીની હત્યા માટે તેઓ તા.૨૭મી ડિસેમ્બરે અમદાવાદ આવ્યા હતા અને ભાનુશાળીની ગતિવિધિઓ પર નજર રાખવા બંને છબીલ પટેલના ફાર્મ હાઉસ પર રોકાયા હતા.

## જમીનનો બાનાખત... ● ત્રીજા પાનાનું ચાલુ

પોલીસ મથકમાં સમગ્ર ઘટના સંદર્ભે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સરગાસણના ઠાકોર વાસમાં રહેતાં ૬૯ વર્ષિય ખેડૂત ભીખાજી ભલાજી ઠાકોર અને તેમના ભાઈના નામે સરગાસણમાં ૨૩ વિઘા જમીન આવેલી છે. ભીખાજીને બે પુત્રો દશરથ અને ફુલાજી છે, જેમાં ફુલાને લખતા વાંચતા પણ આવડતું નથી. એક વર્ષ અગાઉ ભીખાજીને કોર્ટમાંથી એક દાવાની નોટિસ મળી હતી જેમાં તેમના પુત્ર ફુલાજીએ પોતાની હિસ્સાની જમીન કોઈ સુરેન્દ્રસિંહ જયસિંહ ઉદાવત (રહે-ચુલ્લા, સાબરકાંઠા)ને બાનાખાત કરી પૈસા સ્વિકાર્યા હોવાનો ઉલ્લેખ હતો. જે અંગે તેમણે તેમના પુત્ર ફુલાજીને પુછતા આવી કોઈ વ્યક્તિને તે ઓળખતો જ ન હોવાનુ કહ્યું હતું. જો કે ફુલાજીએ ૨૦૧૬માં સરગાસણમાં રહેતાં પોતાના મિત્ર રાજદિપસિંહ વાઘેલાને બાઈક ખરીદવા લોન લેવી હોવાથી તેમા સાક્ષી તરીકે સહી કરી હોવાનું કહ્યું હતું.

પોલીસ ફરિયાદ મુજબ ફુલાજી પોતાના એક મિત્ર સાથે નરોડા ગેલેક્સી પાસે એક બિલ્ડિંગમાં બીજા માળે ઓફિસમાં ગયો ત્યારે ત્યાં મુંજાલસિંહ બલવંતસિંહ ડાભી (રહે-પંચતીર્થ સોસાયટી, વસંતવિહાર, નરોડા), સુરેન્દ્રસિંહ દિગ્વિજયસિંહ ઉદાવત (રહે-ચુલ્લા, વડાલી, સાબરકાંઠા),બલવીરસિંહ સુમેરસિંહ રાજપુત (રહે-ગુરૂકૃપાનગર, કુબેરનગર), રણજીતસિંહ રામનરેશસિંહ ભદોરીયા (રહે-જયઅંબે સોસાયટી, કુબેરનગર) હાજર હતા. આ મિત્રોએ ત્યાં ફુલાજીને દારૂ પીવડાવ્યો હતો અને પછી બાઈકની લોનના નામે ઘણાબધા કાગળો પર અંગૂઠા અને સહી કરાવી હતી. ફુલાજીના નામે કોઈ બેંક ખાતુ નથી છતાં આરોપીએ ચેકથી ૫૦ હજાર રૂપિયાનો નાણાકીય વ્યવહાર થયો હોવાનું બાનાખતમાં ખોટુ લખાણ લખી કોર્ટમાં દાવો કર્યો હતો. આ જમીન ખેડૂત ભીખાજી અને તેમના ભાઈના નામે જ બોલે છે અને વારસાઈ બાકી છે. ત્યારે ફુલાજીના ભાગની જમીનના ખોટા બાનાખત કરી મોટો આર્થિક તોડ કરવાનો આરોપીઓને ઈરાદો હોય શકે. જેને પગલે ખેડૂતે એસપી કચેરીએ અરજી કરી હતી. આ અરજીની તપાસ બાદ આ અંગે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી, વિશ્વાસઘાત, ખોટા દસ્તાવેજો અંગેની ફરિયાદ નોંધાવા પામી છે.

## વાતાવરણ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે જન આરોગ્ય પણ વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે. વાતાવરણમાં ઠંડીનુ જોર વધતા નગરજનો આજે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે સવારે તેમજ રાત્રિના સમયે ઠંડીની અસરથી નગરના જનજીવન પર અસર વર્તાઈ હતી. દિવસે અંશત : વાદળિયા વાતાવરણ વચ્ચે પવનનુ જોર પણ વધુ રહેતા નગરજનો ફરી એકવાર ઠંડીની લપેટમાં આવી ગયા છે. જો કે હજુ ઠંડીનુ પ્રમાણ વધે તેવી પણ શકયતા છે.

## નવી ૮ ટ્રેઈન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાયા પાટણ ,પાલનપુર મેમુ વાયા ગાંધીનગર જશે. જેના લીધે બ્રહ્માકુમારીઝના ભાવિકો તેમજ આબુ રોડ જતા પ્રવાસીઓને ફાયદો થશે. આ ઉપરાંત ભુજ બરેલી , અમદાવાદ જમ્મુ તાવી , ઓખા દહેરાદુન , ઓખા જયપુર, ભુજ અલ્લહઝીરા- બરેલી, પોરબંદરસરા રોહીલ્લા, પોરબંદર મુઝફરપુર ટ્રેઈન પણ ગાંધીનગર થઈને દોડશે. નવી ટ્રેઈન સેવા શરૂ કરવાના નિર્ણયને વધાવી મહામંડળના કીશોર જીકાદરા, મયુર વ્યાસ, પ્રદિપ સોલંકી સુનિલ શાહ , બી એ શુક્લ સહીતના આગવેનોએ રેલતંત્રનો આભાર વ્યકત કર્યો છે.

## જંગી તૈનાતી ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈસ્લામીના આશરે ડઝન જેટલા કટ્ટરપંથીઓની પણ અટકાયત કરી લીધી છે. એક બાજુ સરકાર પુલવામા હુમલા સાથે જોડાયેલા આતંકવાદીઓ પર સકંજો મજબૂત કરી રહી છે ત્યારે બીજી તરફ સરકાર ૩૫-એ જેવા સંવેદનશીલ મુદ્દા પર સોમવારે સુનાવણી કરશે. સરકારની ગતિવિધી દર્શાવે છે કે આગામી દિવસોમાં જમ્મુ કાશ્મીરમાં કેટલીક ખાસ ઘટનાઓ જોવા મળી શકે છે. ખીણમાં સક્રિય અલગતાવાદી લીડર યાસીન મલિકને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. સાથે સાથે ડઝન જેટલા કટ્ટરપંથીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે તરત જ અર્ધલશ્કરી દળોની ૧૦૦ વધારાની કંપનીઓ તૈનાત કરી દીધી છે. જેમાં ૪૫ સીઆરપીએફની કંપનીઓ સામેલ છે. બીએસએફની ૩૫ કંપનીઓ સામેલ છે. અત્રે નોંધનીય છે કે હાલમાં પુલવામાં ખાતે સીઆરપીએફના કાફલા પર ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યોહતો. જેમાં ૪૦ જવાન શહીદ થયાહતા. જેશે મોહમ્મદ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો.